# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 8 •• November, 2004

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


## સૂચિત શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન

# અલ્પવિરામ

સૂચિત 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન'ના તે સમયના એજન્ડાના કેટલાક મુદ્દાઓ અંગે અમે ગયા અંકમાં કેટલીક દિલખોલ સમીક્ષા કરી હતી. ગોળ ગોળ વાતો કરવી એ ગ્રેટ પોલિટિશિયન આચાર્યોનો ગુણ ગણાતો હશે. પરંતુ ચાણક્ય કહી ગયો છે કે જે નેતા સ્પષ્ટ શબ્દોમાં પોતાના વિચારોની રજૂઆત કરી શકતો નથી તેના અનુયાયીઓ ટૂંક સમયમાં જ દિશાહીન બની જાય છે. આ વાત આજના જૈનાચાર્યોને સારી રીતે લાગુ પડે છે. કેટલાક ઉચ્ચ આસને બેઠેલા લોકોને ખુશ કરવા કે ખુશ રાખવા તેઓ આચાર્ય નથી બન્યા એ તેમણે સારી રીતે સમજી લેવું જોઈએ. જય જિનેન્દ્રના તેરમા અંકમાં અમે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વર્તમાન જૈન સંઘ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેમાં કાણાને કાણો કહેવાનો સમય પાકી ગયો છે. ગયા અંકમાં અમે કેટલાક કાણાઓને તેમની લાજ રાખવા માટે, નામ દીધા વગર તેઓ કાણા છે એ કહી બતાવ્યું છે. સૂચિત 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન' જો પોતાના એજન્ડામાં આગળ વધ્યું હોત તો એક સમય એવો આવત કે અમારે એ કાણાઓનાં અને તેમના ગોડફાધર જેવા આચાર્યોનાં નામો (અને ઈવન એમનાં કામો, વિગતવાર) લખીને તેમને સમાજ સામે, ના છુટકે, ખુલ્લા પાડવા બાધ્ય થવું પડત. સદ્‌ભાગ્યે એવું કરવાની જરૂર પડશે નહીં એમ અત્યારે તો લાગે છે, કારણ કે બહુ ખુશીની વાત છે કે ગયા અંકમાનું અમારા નિર્ભીક અને નિષ્પક્ષ લખાણનું તીર યોગ્ય સ્થળે વાગ્યું છે.



અત્યારની ક્ષણે સૂચિત 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન'નું નામ, તેનું સૂચિત બંધારણ વગેરે ધરમૂળથી બદલાઈ રહ્યાં છે. અમને બંધારણ અને નામની ખટપટોમાં કોઈ જ રસ નથી. અમારો રસ સંસ્થાના એજન્ડામાં અને તેના પ્રિએમ્બલમાં

અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપર

# સિક્કાની ત્રીજી બાજુ

**આનંદમૂર્તિ**

એક નદીના કિનારે બે સંન્યાસીઓ ઝૂંપડી બાંધીને રહે. આખો દિવસ પ્રભુભક્તિમાં મસ્ત હોય. જ્યારે જુઓ ત્યારે ભગવાનનાં ગીત ગાતા હોય.

એક દિવસ ભયંકર તોફાન આવ્યું. વાવાઝોડામાં સંન્યાસીઓની અડધી ઝુંપડી તૂટી ગઈ.

એક સંન્યાસીને બહુ દુઃખ થયું. 'અમે આખો દિવસ પ્રભુભક્તિ કરીએ છતાં અમારી આ દશા? ઘણું ખરાબ કહેવાય!' એણે ભગવાનને બહુ ઠપકો આપ્યો : 'અરે ભગવાન, અમે સતત તારી ઉપાસનામાં જ રહીએ તોય તેં આવો જ બદલો આપ્યો. બસ ને? તને અમારી જરાય દયા ન આવી ને!'

બીજો સંન્યાસી તો જોર જોરથી કૂદકા મારીને નાચવા લાગ્યો. 'વાહ રે મારા વાલીડા ભગવાન, તારી તો લીલા બહુ ગજબની છે ને કાંઈ. આવું ભયંકર તોફાન. મહેલોના મહેલો ઉખડી ગયા, પણ તેં તો અમારી અડધોઅડધ ઝુંપડીને બચાવી લીધી. વાહ રે પ્રભુ, તું ઉપર બેઠો બેઠોય ભક્તોનું કેવું ધ્યાન રાખે છે!'

ઘણા આખો દિવસ ફરિયાદ કરે છે. કોઈ રોદણાં રડે છે અને કોઈ સતત ભગવાનને ઠપકો આપે રાખે છે : આ જુઓ ને, બધા મારી સાથે જ આવું કેમ કરે છે.

ઘણા મોજથી જીવે જાય છે. સદાય મસ્તીમાં જ હોય છે. એ સતત વિચારે છે : જુઓને, ભગવાને અમને અમારી પાત્રતા કરતાંય કેટલું બધું વધારે આપ્યું છે.

કોઈને અડધો ગ્લાસ ખાલી દેખાય છે, કોઈને અડધો ગ્લાસ ભરેલો દેખાય છે. કોઈને ફૂલમાં કાંટા દેખાય છે, કોઈને કાંટામાં ફૂલ દેખાય છે. કોઈને ચંદ્રમાના ડાઘાઓ ચંદ્રમાની શાનમાં કલંકરૂપ લાગે છે. કોઈને ચંદ્રમાની ચાંદની મનને પરમ શાતા આપતી લાગે છે. મળ્યાની મજા માણવાના બદલે ન મળેલાની બળતરામાં જ ઘણા લોકોની જિંદગી પૂરી થઈ જાય છે.

આટલું યાદ રહે તો મસ્તીનો ગુણાકાર થયા વિના ન રહે –

*નિજાનંદે હમેશાં બાલ મસ્તીમાં મજા લેજે;*
*ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિપ્યારું ગણી લેજે.*

## સમય ચિંતન

બહારનું કોઈ તત્ત્વ આત્માને બાંધી શકતું નથી, એમ બહારનું કોઈ તત્ત્વ આત્માને છોડાવી શકતું નથી. બંધન અને મુક્તિ એ આત્માની પોતાની જ પેદાશ છે. અનાસક્તિ એટલે મુક્તિ, આસક્તિ એટલે બંધન.

**– 'મિત્તી મે સવ્વભૂએસુ'માંથી સાભાર**


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૮
સળંગ અંક ૩૨
નવેમ્બર, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

અનુસંધાન પૃષ્ઠ ૧નું ચાલુ

છે અને બહુ ખુશીની વાત છે કે સંસ્થાના એજન્ડા અને પ્રિએમ્બલમાં પણ આમૂલચૂલ ફેરફારો આવી રહ્યા છે.

શ્રી શ્રેણિકભાઈના પરમ વિશ્વાસુ અને સૂચિત 'શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાન'ના એક હોંશીલા આગેવાને અમારો વ્યક્તિગત સંપર્ક સાધીને આ મુદ્દે ખુલ્લા દિલથી વાતો કરી છે અને ઉપરોક્ત બાબતની ખાતરી આપી છે.

બંધારણ લેવલે ટ્રસ્ટીઓની ઓળખાણ માટે શ્રાવકરત્ન શબ્દ ન વપરાય તે માટે પણ અમે મક્કમ આગ્રહ રાખ્યો છે. સૂચિત સંસ્થા એ દિશામાં પણ ગંભીરતાથી વિચાર કરશે. અને ખાસ તો અમે અહીં હાલતુરતમાં જાહેર કરવા નહીં ધારેલાં કેટલાંક અતિ મહત્ત્વનાં સૂચનો પણ તેમને કર્યાં છે. અમને વિશ્વાસ છે કે તેઓ એ સૂચનો પર ગંભીરતાથી વિચાર કરશે.

⊙⊙⊙
મિત્રના અસત્યને અસત્ય તરીકે અને દુશ્મનના સત્યને સત્ય તરીકે સ્વીકારી શકે એવા નેતૃત્વની અપેક્ષા અને પ્રતીક્ષા છે.
⊙⊙⊙

આ તબક્કે, અમને મળેલા આગેવાનની ભાવના અને વિનંતીને માન આપીને બીજી સમીક્ષાઓ કરવાનું સ્થગિત રાખીએ છીએ. નવો એજન્ડા, નવું બંધારણ વગેરે લાગતા વળગતા દસ્તાવેજો અમારી પાસે આવશે તે પછી અમે અમારા વિચારો સાથે ઉપસ્થિત થઈશું. ત્યાં સુધી, 'થોભો અને રાહ જુઓ.'

સૂચિત સંસ્થાના કર્તાહર્તાઓને હું અહીં એક જ વાત યાદ રાખવાનું કહીશ કે જ્યાં જ્યાં સત્યની હત્યા થતી હશે ત્યાં એ હત્યા કરનાર *કોણ છે અને કયા પદ ઉપર બેઠેલ* છે એ જોયા વિચાર્યા વિના જ મારી કલમ ધસી જશે – ધડધડાટ. બિન્ધાસ્ત. સામી છાતીએ.

મિત્રના અસત્યને અસત્ય તરીકે અને દુશ્મનના સત્યને સત્ય તરીકે સ્વીકારી શકે એવા નેતૃત્વની અપેક્ષા અને પ્રતીક્ષા છે.

**મુનિ મિત્રાનંદસાગર**

---

# જય જિનેન્દ્ર

શ્રી જૈન સંઘ સેવા પ્રતિષ્ઠાનની રચના અંગે અમે અનેક આચાર્ય ભગવંતોના અભિપ્રાયો મેળવ્યા છે. તે ઉપરાંત, ગયા અંકમાંના અમારા આમંત્રણને માન આપીને અનેક વાચકોએ પણ પોતાના અભિપ્રાયો પાઠવ્યા છે. અને આ અંક પ્રેસમાં જઈ રહ્યો છે ત્યારે પણ અમને પત્રો મળવાનું ચાલુ જ છે. ખાસ કરીને કેટલાંય વયોવૃદ્ધ સાધ્વીજી મહારાજોએ ગયા અંકમાંની અમારી ટિપ્પણીઓથી ખુશ થઈને દિલથી આશીર્વાદ પાઠવ્યા છે. અને 'મા'ના આશીર્વાદની તાકાત અમે ભૂતકાળમાં પણ અનુભવી છે.

ઉપરના લખાણમાં પૂજ્ય મુનિશ્રીએ જણાવેલાં કારણોસર, આ તબક્કે અમે પણ એ તમામ સામગ્રીનો ઉપયોગ કરવાની લાલચ ઉપર લગામ તાણવાનું ઈષ્ટ સમજીએ છીએ.

અમારું પણ કર્તવ્ય છે કે અમારે સૌને વિચારવાનો પૂરતો મોકો આપવો જોઈએ.

તંત્રી : જય જિનેન્દ્ર

# જૈન આગમો : ન ખૂટે એવો જ્ઞાનખજાનો

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ

: ૩ :

જૈન આગમોમાં વિવિધ વિષયોનો ખજાનો છે. કોઈ એમ ન માને કે આગમો એટલે કોરી કોરી રસહીન વાતો.

આગમકારોએ લગભગ બધા જ વિષયો ખેડ્યા છે. એમાં ધર્મ, દર્શન, નીતિ, સમાજકારણ, રાજકારણ, સાહિત્ય, સંગીત, કલા, સંસ્કૃતિ, લોકપરંપરા વગેરે બધા જ વિષયો મળે.

આગમોમાં વિજ્ઞાન પણ મળે અને મનોવિજ્ઞાન પણ મળે. અહીં સાયન્સની પણ ચર્ચા હોય અને સાયકોલૉજીની પણ ચર્ચા હોય.

સાંખ્યો ધ્વનિને આકાશનો ગુણ માનતા હતા – शब्दगुणकमाकाशं.. આગમ-કારોએ કહ્યું : શબ્દ એ પુદ્‌ગલ છે – सद्दंधयार उज्जोय पभा... આજનાં વૈજ્ઞાનિક સાધનો શબ્દને સ્ટોર કરી શકે છે. ધ્વનિને સંગ્રહી શકાય છે. એનો ઊર્જા તરીકે ઉપયોગ કરી શકાય છે. આગમોનું આ અદ્‌ભુત સાયન્સ આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે.

પશ્ચિમના લોકો કપડાં પહેરતાં શીખ્યા એ પહેલાં તો જૈન આગમકારો પરમાણુની શોધ કરી ચૂક્યા હતા! આજનું વિજ્ઞાન હજી તો અણુના વિભાજનના સિદ્ધાંતો સુધી પહોંચ્યું છે. જૈન આગમોનું વિજ્ઞાન તો અવિભાજ્ય પરમાણુની વાત કરે છે.

હેવી વોટર, હાઈડ્રોજન અને ઓક્સીજનની શોધ સ્કૂલોમાં ભણતાં બચ્ચાંઓ માટે આજના વિજ્ઞાનની દેન હશે. અહીં તો પચ્ચીસસો વરસ પહેલાં આઠ વરસની ઉમ્મર ધરાવનારા મુનિઓ ઘનોદધિ, તનોદધિ, ઘનવાત અને તનવાત જેવા હેવી શબ્દોથી રમતા હતા!

સાયકોલોજી અને પેરાસાયકોલોજી અંગેની જૈન આગમોની વાતો વાંચીને તાજ્જુબ થઈ જવાય છે. પ્લીઝ, થેન્કયુ અને વેસ્ટર્ન મેનર આ દેશમાં આવ્યું એના પચ્ચીસસો વરસ પહેલાં તો આગમકારો આયુષ્મન્, મહાનુભાવ, ભવ્યાત્મા અને ભંતે જેવા મેનરોની ચરમ સીમા સુધી પહોંચી ગયા હતા.

બાળક ઉપર પોતાની ઈચ્છા લાદવી નહીં એ આજના યુગની દેન લાગે છે ને? આગમકારોએ તો શિષ્યોનું ગુરુપદ ધરાવનાર વ્યક્તિને પણ શિષ્ય ઉપર પોતાનો આદેશ થોપવો નહીં એવું સહસ્રાબ્દીઓ પહેલાં કહી દીધું છે! આ માટે જૈન આગમોમાં મુનિઓની આચારસંહિતામાં ઈચ્છાકાર સામાચારીનો એક આખો વિભાગ ખોલી દેવામાં આવ્યો છે!

આજની ઈકોનોમી મિલિયન અને બિલિયન જેવા શબ્દો બોલ્યા પછી હાંફી જાય છે. આગમધર મુનિઓએ જૈન આગમોમાં શીર્ષપ્રહેલિકા અને પુદ્‌ગલપરાવર્તન સુધીની વાતો હાંફી ગયા વિના કરી છે!

# પ્રાચીન તીર્થોના પુનરુદ્ધાર અંગે થોડાંક હાર્દિક અને ઉપયોગી સૂચનો

**પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

સમગ્ર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘની આસ્થાના કેન્દ્ર સમાન શ્રી જીરાવલા તીર્થના પુનરુદ્ધારનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે. અવસર પાક્યે એની પુનઃપ્રતિષ્ઠા વગેરે કાર્ય પણ સંપન્ન થશે.

ઘણા સમયથી પ્રાચીન તીર્થોના ઉદ્ધારને લગતા વિચારો મનમાં ઘોળાતા હતા તે શ્રી જીરાવલા તીર્થના પુનરુદ્ધાર પ્રસંગે ફરી તાજા થયા. આપણે આપણાં તીર્થોને બે ભાગમાં વહેંચીએ : એક, સમગ્ર સંઘની યુગો જૂની અતૂટ શ્રદ્ધા જેમાં હોય એવાં તીર્થો. બે, નવા યુગના શક્તિશાળી આચાર્યાદિ મુનિવરોએ સ્થાપેલાં અભિનવ તીર્થો. પ્રથમ પ્રકારનાં તીર્થો અંગે કેટલાક સમયથી મારા મનમાં જે વિચારો ચાલે છે તે અહીં ટૂંકમાં રજૂ કરૂં છું.

શત્રુંજય, શંખેશ્વર, જીરાવલા, કેસરીયાજી વગેરે તીર્થો બહુ પ્રાચીન કાળથી આપણા બધાની આસ્થાનાં કેન્દ્રો છે. એમાં ક્યાંય ગચ્છવાદ નથી, ક્યાંય વિવાદ નથી, ક્યાંય મારા-તારાના ભેદભાવો નથી. એ તીર્થો ઉપર કોઈ સમુદાયનો ઈજારો નથી. એમાં આ તિથિવાળાઓનું તીર્થ કે પેલી તિથિવાળાઓનું તીર્થ એવા કોઈ સિક્કા નથી. વિશાળ વડલા જેવા તપાગચ્છથી લઈને નાનકડી વેલ જેવા પાયચન ગચ્છ સુધીના તમામ ગચ્છોના અનુયાયીઓ આ તીર્થો ઉપર એકસરખી શ્રદ્ધા, આદર અને ભક્તિ ધરાવે છે.

નિરંતર સરકતો સમય પોતાનું કાર્ય કરવાનો જ છે એટલે યુગે યુગે કાળની થપાટો ખાઈને જીર્ણ થયેલાં તીર્થોનો ઉદ્ધાર થવાનો જ છે. સામાન્ય રીતે તો આપણે જે તે પ્રાચીન તીર્થના મૂળનાયક ભગવાનનું ઉત્થાપન ન કરવાની મનોવૃત્તિ ધરાવનારા લોકો છીએ. બને ત્યાં સુધી આપણા કુશળ સોમપુરાઓ પણ આપણી ભાવનાને માન આપીને તીર્થોદ્ધાર વેળાએ મૂળનાયકની મૂળ ગાદી કાયમ જાળવી રાખીને સમગ્ર જિનાલયનું માળખું બદલી આપે છે. આમ થવાથી તીર્થની પ્રતિષ્ઠાની પ્રાચીનતા, તેનું અસલી મુહૂર્ત, તેની પ્રતિષ્ઠા કરનારા જે તે સમયના ઉત્કૃષ્ટ આચારધર મહાત્માએ કરેલાં મંત્રવિધાનો અને ક્રિયાવિધાનો જેમનાં તેમ સચવાઈ રહે છે. પણ સૈકાઓ જૂનાં તીર્થોનાં પુદ્ગલોનું બંધારણ ક્યારેક એવી સ્થિતિએ પહોંચી જાય છે કે નાછુટકે, બધા ઉપાયો અને વિકલ્પો વિચારી લીધા પછી પણ મૂળનાયક ભગવાનનું ઉત્થાપન કરવું જ પડે એવા સંયોગોનું નિર્માણ થાય છે. આવા સંયોગોમાં આપણે તીર્થનો મૂળમાંથી ઉદ્ધાર કર્યો એમ કહીએ છીએ. આખરે તેની પુનઃપ્રતિષ્ઠાનો દિવસ આવે છે અને ભારતભરના જૈનોનાં મન હિલોળે ચડે છે. સૈકાઓથી જેની સાથે આપણી મમતા બંધાઈ ગઈ છે એવાં તીર્થોના ઉદ્ધારનો પ્રસંગ સમકાલીન જૈનોના જીવનનું એક વિશિષ્ટ સંભારણું બની રહે છે.

આવા સમયે એક વિકટ પ્રશ્ન એ હોય છે કે એ તીર્થની પુનઃપ્રતિષ્ઠા કયા આચાર્યના હાથે થશે? હું ફરીથી મારા વિચારોની સ્પષ્ટતા કરી દઉં : આ ચર્ચાનો મુદ્દો માત્ર સમગ્ર શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘની એક સમાન આસ્થાનાં કેન્દ્રો જેવાં પ્રાચીન તીર્થો પૂરતો જ છે.

શત્રુંજય આદિ, ઉપર ઉલ્લેખેલાં અને ન ઉલ્લેખેલાં એવાં આપણા સૌની એક સમાન આસ્થાનાં કેન્દ્રો જેવાં ભારતભરમાં જેટલાં તીર્થો હોય તેની એક બૃહદ્ સૂચિ તૈયાર થાય અને નીચે મુજબનાં ધોરણો પ્રસ્થાપિત કરવામાં આવે. જે સકલ શ્વે. મૂ. પૂ. જૈન સંઘને બાધ્ય હોય.

૧. સૂચિમાં નિર્દિષ્ટ સમગ્ર તીર્થોમાંથી જે કોઈ પણ તીર્થના પુનરુદ્ધારની આવશ્યકતા ઊભી થશે ત્યારે જે તે તીર્થના મૂળનાયકની મૂળ પ્રાચીન પ્રતિષ્ઠા કાયમ રાખીને જ પુનરુદ્ધાર કરવામાં આવશે.

૨. જો અન્ય કોઈ ઉપાય કે વિકલ્પ હોય જ નહીં અને મૂળનાયક ભગવાનનું ઉત્થાપન કરવું જ પડે તો તેવા સંયોગોમાં પુનઃપ્રતિષ્ઠા સંઘમાં જે સૌથી વડીલ આચાર્ય હોય (આ કે તે પક્ષની લપમાં પડ્યા વિના) તેમને મુખ્ય રાખીને જે તે સમયના સમગ્ર આચાર્યોની સામૂહિક નિશ્રામાં જ કરવામાં આવે.

૩. આ પ્રતિષ્ઠામાં ભારતભરમાં બિરાજમાન સમગ્ર મુનિવર્ગ અને સાધ્વીવર્ગને આમંત્રણ આપીને પ્રતિષ્ઠામાં પધારવાની વિનંતી કરવામાં આવે. જેઓ સાક્ષાત પધારી શકવાની સ્થિતિમાં ન હોય તેવા આચાર્યાદિ મુનિવરોનો વાસક્ષેપ મેળવી લેવામાં આવે.

૪. આ પ્રતિષ્ઠામાં ભારતભરના શ્વે. મૂ. પૂ. જૈન સંઘોની પણ સક્રિય ભાગીદારી હોય.

૫. ઉક્ત પ્રકારનાં તીર્થોનો પુનરુદ્ધાર ભારતભરના શ્વે. મૂ. પૂ. જૈન સંઘોને વિશ્વાસમાં લઈને કરવામાં આવે.

૬. તીર્થોદ્ધારમાં થયેલ ખર્ચ, તીર્થોદ્ધાર માટે એકત્રિત કરવામાં આવેલ ફંડની વિગતો સમગ્ર શ્વે. મૂ. પૂ. જૈન સંઘને ઉપલબ્ધ કરાવવામાં આવે. જેની ઉપર કોઈ પણ પ્રકારની નાણાકીય ગોલમાલના આરોપો ન હોય તેવા શ્રાવકો દ્વારા જ આવાં તીર્થોના ઉદ્ધારની કાર્યવાહીનું સંચાલન થાય.

૭. (તીર્થની પ્રાચીનતા નક્કી કરવાની પદ્ધતિ : ) શ્રી હીરવિજયસૂરિ મહારાજ અને તેમની પૂર્વેનાં સમગ્ર તીર્થોને ઉપરની યાદીમાં સમાવી લેવામાં આવે.

સકલ સંઘની લાગણી જેની સાથે જોડાયેલી છે તે બધાં તીર્થો માટે જો આ પ્રકારનાં ધોરણો નક્કી થાય તો લાંબા ગાળે શ્રી સંઘમાં ભાવનાત્મક (આભાસી નહીં) એકતાનો સંચાર થશે. તીર્થના મહિમામાં અને તેની શ્રદ્ધેયતામાં પણ વધારો થશે. ભારતભરના જૈન સંઘોના આગળ પડતા કાર્યકરો, સ્વયંસેવકો, તન, મન કે ધનનું યોગદાન આપી શકે તેવા મહાનુભાવો અરસપરસ નજીક આવશે અને એ કારણે પ્રમાણમાં નાનું હોય તેવા તીર્થના ઉદ્ધાર અને પ્રતિષ્ઠાદિ કાર્યો સરળતાથી પતી જશે. જે તે યુગના મુનિવરો પણ અરસપરસ નજીક આવશે. અન્ય પણ ઘણા ફાયદાઓ છે. ક્યારેક અવસરે તે અંગે પણ વિચારીશું.

આ ચર્ચાનો મધ્યવર્તી વિચાર માત્ર એટલો જ છે કે સકલ સંઘની સામૂહિક આસ્થાનાં કેન્દ્રો જેવાં તીર્થોનાં પુનઃપ્રતિષ્ઠાદિ કાર્યો સકલ સંઘમાં વિદ્યમાન સર્વાધિક વડીલને મુખ્ય રાખીને સમગ્ર આચાર્યોની સામૂહિક નિશ્રામાં જ થાય.

પ્રાચીન તીર્થોના પુનરુદ્ધાર અવસરે થતા રાગ-દ્વેષ અને કાવાદાવાને દૂર કરવા માટે પણ આ શ્રેષ્ઠ ઇલાજ છે.

# દિવાળીનાં કેટલાંક ઉપયોગી મુહૂર્તો

દિવાળીને અનુલક્ષીને અહીં કેટલાંક ઉપયોગી મુહૂર્તો આપવામાં આવે છે. આ મુહૂર્તો જૈન ધર્મના સિદ્ધાંતો મુજબ શુદ્ધ ગણિતને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં છે.

## પર્વદિવસો અને તે દિવસે શું કરવું તેની વિગતો

### ● ગુરુપુષ્યામૃત યોગ ●

આસો વદ સાતમ, તા. ૪.૧૧.૨૦૦૪ના ગુરુવારે (આખો દિવસ) ગુરુપુષ્યામૃત સિદ્ધિયોગ છે. આ યોગ બીજા દિવસની વહેલી સવારે સૂર્યોદય વખતે સમાપ્ત થાય છે. આ દિવસે શુદ્ધ ચાંદીની ખરીદી કરવી અને શક્તિ તેમજ ભાવનાનુસાર ભગવાનના ભંડારમાં પણ ચાંદી પૂરવી. આ દિવસે બપોરે વિજય મુહૂર્તે ગુરુ ગૌતમસ્વામીની અગિયાર માળા ગણવી. માળા સફેદ રંગની લેવી. શક્ય હોય તો ખીરનું એકાસણું કરવું અને ગુરુ ગૌતમસ્વામીને દળદાર ખીર ધરાવવી. આ ત્રણે પ્રયોગો (માળા, એકાસણું અને ખીરનું નૈવેદ્ય) આગામી વર્ષમાં અદ્‌ભુત પ્રગતિ કરાવે છે અને આ કરનાર ઉપર ભગવતી મહાલક્ષ્મીની જબ્બર કૃપા ઊતરે છે.

ગૌતમસ્વામીની માળાના મંત્રો : (૧) ॐ ह्रीँ अरिहंत उवज्झाय गौतमस्वामिने नमः। (૨) सर्वलब्धिनिधानाय श्री गौतमस्वामिने नमः।

### ● વાગ્ બારસ ●

આસો વદ બારસ, તા. ૯.૧૧.૨૦૦૪ના મંગળવારે વાગ્ બારસ (વાઘ બારસ નહીં) છે. આ દિવસ વાગ્ એટલે કે સરસ્વતીની ઉપાસનાનો છે. આ દિવસે ભગવતી સરસ્વતીના જાપ કરવાથી અદ્‌ભુત પરિણામ મળે છે. માળા સફેદ અથવા પીળા રંગની લેવી. ઓછામાં ઓછી અગિયાર માળા ગણવી. અનુકૂળતા હોય તો વધારે પણ ગણી શકાય.

સરસ્વતીના મંત્રો : (૧) ॐ ऐँ नमः। (૨) ॐ वाग्वादिन्यै नमः। (૩) ॐ नमो आयरियाणं सिज्झउ मे सुयदेवी महाविज्जा।

### ● ધન તેરસ ●

આસો વદ તેરસ, તા. ૧૦.૧૧.૨૦૦૪ના બુધવારે ધનતેરસ છે. આ દિવસે ધનપૂજન કરવું. ચોપડાઓનો ઓર્ડર આપવો. ધનતેરસના દિવસે શ્રેષ્ઠ સમયોની વિગતો :

(૧) સવારે ૬ : ૫૭થી ૯ : ૪૭ સુધી, (૨) સવારે ૧૧ : ૩૩થી ૧૨ : ૩૯ સુધી, (૩) સાંજે ૭ : ૩૧થી રાતે ૧૧ : ૨૮ સુધી. રાતે ૧૨ : ૧૧થી ૧૨ : ૩૪ સુધી (૧૨ : ૩૪ વાગે ધનતેરસ સમાપ્ત થઈ જાય છે તે ખ્યાલમાં રાખશો).

ધનતેરસે ભગવતી મહાલક્ષ્મી અને ભગવતી પદ્માવતીના જાપ ખાસ કરવા.

મહાલક્ષ્મીના મંત્રો : (૧) ॐ श्रीँ श्रिये स्वाहा। (૨) ॐ श्रीँ ह्रीँ श्रीँ कमले कमलालये प्रसीद प्रसीद ॐ श्रीँ ह्रीँ श्रीँ महालक्ष्म्यै नमः। (જેની પાસે લક્ષ્મીધારા યંત્ર હોય તેણે આ બીજા નંબરનો મંત્ર

ગણવો.) પદ્માવતીનો મંત્ર : ॐ ह्रीँ श्रीँ अर्हं नमिऊण पास पउमावई पसीयउ स्वाहा।

**● કાળી ચૌદસ ●**

આસો વદ ચૌદસ, તા. ૧૧.૧૧.૨૦૦૪ના ગુરુવારે કાળી ચૌદસ છે. આ દિવસ શક્તિની ઉપાસના માટે મહત્ત્વનો છે. આ દિવસે ભગવતી પદ્માવતી, ભગવતી મહાકાલી, ઘંટાકર્ણ મહાવીર વગેરેના જાપ કરવા.

પદ્માવતીનો મંત્ર : ઉપર આપ્યો છે ત્યાં જોઈ લેવો.

મહાકાલીનો મંત્ર : ॐ ह्रीँ श्रीँ महाकाल्यै नमः ।

ઘંટાકર્ણ મહાવીરનો મંત્ર : ॐ घंटाकर्णमहावीर नमोऽस्तु ते ठः ठः ठः स्वाहा।

ગણિતની રીતે ચૌદસ રાતે ૧૧ : ૩૧ વાગે પતી જાય છે પરંતુ પૂર્વાચાર્યોનું કથન છે કે કાળી ચૌદસ સંબંધી વિધાન સમગ્ર રાત્રિ દરમ્યાન કરી શકાય છે.

**● ઘંટાકર્ણ મહાવીરનો હવન ●**

મહુડી મૂળ સ્થાનકે ઘંટાકર્ણ મહાવીરનો હવન કાળી ચૌદસે બપોરે વિજય મુહૂર્તે થશે.

**● દિવાળી ●**

આસો વદ અમાસ, તા. ૧૨.૧૧.૨૦૦૪ના શુક્રવારે દિવાળી છે. આ દિવસે રાત્રિના સમયે ભગવાન મહાવીરની વિશિષ્ટ આરાધના કરાય છે. આ ઉપરાંત ચોપડાપૂજન, શારદાપૂજન અને લક્ષ્મીપૂજન વગેરે પણ દિવાળીએ કરાય છે.

દિવાળીના દિવસે શ્રેષ્ઠ સમયોની વિગતો :

(૧) સવારે ૭ : ૦૨થી ૮ : ૧૫ સુધી, (૨) સવારે ૮ : ૧૬થી ૯ : ૦૦ સુધી, (૩) સવારે ૯ : ૦૦થી ૧૧ : ૦૦ સુધી.

(૪) બપોરે ૧૨ : ૩૧થી ૧ : ૨૨ સુધી, (૫) બપોરે ૧ : ૨૫થી ૨ : ૫૦ સુધી.

(૬) સાંજે ૪ : ૩૫થી ૫ : ૪૮ સુધી, (૭) સાંજે ૬ : ૧૫થી ૮ : ૦૦ સુધી.

(૮) રાતે ૯ : ૧૫થી ૧૦ : ૩૯ સુધી, (૯) રાતે ૧૨ : ૪૦થી ૨ : ૪૦ સુધી, (૧૦) રાતે ૨ : ૪૦થી સવારે ૫ : ૧૫ સુધી.

**● નૂતન વર્ષ ●**

કાર્તક સુદ એકમ, તા. ૧૩.૧૧.૨૦૦૪ના શનિવારે વીર સંવત ૨૫૩૧નો અને વિક્રમ સંવત ૨૦૬૧નો પ્રારંભ થશે.

પોતપોતાના સ્થાનિક સંઘમાં નક્કી થયેલા સમય મુજબ મંગલાચરણનું શ્રવણ કરવું. (અમારે ત્યાં મંગલાચરણનો સમય પાંચ વાગીને બાવીસ મિનિટનો છે.)

નૂતન વરસે શ્રેષ્ઠ સમયોની વિગતો :

(૧) સવારે ૮ : ૩૦થી ૯ : ૩૦ સુધી અને (૨) સવારે ૧૧ : ૩૦થી વિજય મુહૂર્ત સુધી.

**● ભાઈ બીજ ●**

કાર્તક સુદ બીજ, તા. ૧૪.૧૧.૨૦૦૪ના રવિવારે ભાઈબીજ છે.

**● જ્ઞાનપંચમી અને લાભ પાંચમ ●**

કાર્તક સુદ પાંચમ, તા. ૧૬.૧૧.૨૦૦૪ના મંગળવારે જ્ઞાનપંચમી, સૌભાગ્યપંચમી અને લાભ પાંચમ છે. કા. સુ. ૪નો ક્ષય છે. આથી જ્ઞાનપાંચમ કરનારાએ મંગળવારે આરાધનાદિ કરવું.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૦

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## દસમા પાને દર્શાવેલી ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** આ સ્પર્ધા માત્ર નોંધાયેલા મેમ્બરો પૂરતી જ હોવાથી લવાજમ ભરીને નોંધાયેલા સભ્યો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. ● સભ્ય ન બન્યા હોય તેમણે મોકલેલા ઉત્તરો ઉપર ધ્યાન આપવામાં નહીં આવે. ● સમગ્ર વર્ષ દરમ્યાન કોઈ પણ મહિનાથી સભ્ય બની શકાય છે. ● સાદા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરોમાં જવાબો મોકલી શકાય છે. ● અંકમાંથી પાનું ફાડીને મોકલવાની જરૂર નથી. ● છેકછાકવાળો જવાબ ખોટો ગણાશે. ● જવાબો મોકલનારે નીચે જણાવ્યા મુજબની વિગતો કાગળના મથાળે ડાબી બાજુએ સ્પષ્ટ અક્ષરે લખવી. આ વિગતો માત્ર ગુજરાતી અથવા હિંદીમાં જ લખવી. ● જવાબપત્રમાં નીચે જણાવેલી વિગતો અને જવાબોને બાદ કરતાં અન્ય કશું લખવું નહીં. ● એક વ્યક્તિ એક જ ઉત્તરપત્ર મોકલી શકશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી, ચોખવટો કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

**● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .**

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નામ ________________________________________

સરનામું ________________________________________

________________________________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________

જિલ્લો ____________________ ફોન નંબર ____________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

તમારી એન્ટ્રી નવેમ્બર, ૨૦૦૪ની આખર તારીખ સુધી અમને મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત જાન્યુઆરી, ૨૦૦૫ના અંકમાં કરવામાં આવશે. ● **એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૧૦ લખવું જરૂરી છે.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૦

નિયમ ૧. દરેક પ્રશ્નનો જવાબ 'ગ' અથવા 'ગ'ની બારાખડીથી શરૂ થતો હોવો જોઈએ. ૨. એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. છેકછાકવાળો જવાબ ખોટો ગણવામાં આવશે.

૧. દ્વાદશાંગીની રચના કરવાનું સૌભાગ્ય કોને મળે છે?
૨. મધ્ય ગુજરાતનું એક તીર્થ, જ્યાં શ્રી હીરવિજયસૂરિ મહારાજનાં પગલાં પડી ચૂક્યાં છે.
૩. આદિનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવનું નામ શું છે?
૪. સાધુ - સાધ્વીઓ નિર્દોષ ગોચરી કઈ રીતે પ્રાપ્ત કરે?
૫. આઠ મૂળ કર્મો પૈકીનું એક કર્મ.
૬. હસ્તિનાપુરનું બીજું નામ શું છે?
૭. કૃષ્ણ મહારાજાના આ નાના ભાઈ મહારાજને તમે ઓળખો છો?
૮. કોઈ તીર્થંકરના જીવનમાં ન બન્યું તે ભગવાન મહાવીરના જીવનમાં બન્યું. કહો તો શું?
૯. સંક્ષેપિતદશાનું મહાચમત્કારી આઠમું અધ્યયન કયું હતું?
૧૦. પૌષધ કરનારને દિવસમાં બહુ બધી વખત શેની ક્રિયા કરવી પડે છે?
૧૧. નવ લોકાન્તિક દેવો પૈકીનો એક દેવ.
૧૨. તમે તમારાં દુષ્કૃત્યોની વારંવાર સચ્ચાઈથી 'આ' કરો તો પણ તમારાં કર્મો ઘણાં હળવાં થઈ જાય!
૧૩. નેમિનાથ ભગવાનની યાદોથી છવાયેલું આ તીર્થ હમણાંનું ચર્ચાની એરણે છે.
૧૪. શાશ્વતી મહાનદીઓ પૈકીની એક મહાનદી.
૧૫. અઢાર પૈકી એક લિપિનું નામ. જેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે.
૧૬. બ્રાહ્મીકુળની અઢાર લિપિઓમાં તેરમી લિપિનું શું નામ છે?
૧૭. એક યોજનના ચોથા ભાગને શું કહેવાય?
૧૮. તત્ત્વાર્થસૂત્ર ઉપરનું એક પ્રખ્યાત મહાભાષ્ય.
૧૯. પ્રતિક્રમણ, પ્રકરણ વગેરે ગ્રંથોમાં સૌથી વધુ સંખ્યામાં શું હોય છે?
૨૦. સમિતિઓ પાંચ હોય છે અને .......... ત્રણ હોય છે.
૨૧. સાધુ - સાધ્વીઓ ભોજન લેવા નીકળે તેને શું કહેવાય?
૨૨. તમે ચંદન અને રક્ત ચંદન તો જોયું હશે પણ તમે .......... ચંદન જોયું છે?
૨૩. શાસ્ત્રોને બરાબર પચાવી ગયા હોય તેવા જ્ઞાનીઓને કયા શબ્દનું બહુમાન મળે છે?
૨૪. જીવની ચૌદ વિવિધ અવસ્થાઓને કયા શબ્દથી ઓળખાવશો?
૨૫. કહેવાય છે કે આ તીર્થના ભગવાનના ખોળામાંથી દરરોજ ચાંદીનો રૂપિયો નીકળતો.
૨૬. શ્રી ગુરુ .......... સમરીએ, મન વાંછિત દાતાર.
૨૭. કેવા સાધુનું વૈયાવૃત્ય કરનાર ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કરે છે?
૨૮. એક આસેવન શિક્ષા હોય છે, એક .......... શિક્ષા હોય છે.
૨૯. શું થાય. મહાવીરસ્વામીની વાતો કરીએ ત્યારે આની વાતો ય કરવી જ પડે છે!
૩૦. સાગરવર.......... સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.

## ટિટ બિટસ

### ભાત ભાત કે લોગ

કોઈ શરીરથી પવિત્ર હોય અને મનથી પણ પવિત્ર હોય.
કોઈ શરીરથી પવિત્ર હોય પણ મનથી અપવિત્ર હોય.
કોઈ શરીરથી અપવિત્ર હોય પણ મનથી પવિત્ર હોય.
કોઈ શરીરથી પણ અપવિત્ર હોય અને મનથી પણ અપવિત્ર હોય.

**

કોઈ પ્રગટપણે દોષ સેવે પણ ગુપ્તપણે ન સેવે.
કોઈ પ્રગટપણે દોષ ન સેવે પણ ગુપ્તપણે સેવે.
કોઈ પ્રગટપણે પણ દોષ સેવે અને ગુપ્તપણે પણ સેવે.
કોઈ પ્રગટપણે પણ દોષ ન સેવે અને ગુપ્તપણે પણ ન સેવે.

**

કોઈ પોતાનું કલ્યાણ કરે પણ બીજાનું ન કરે.
કોઈ બીજાનું કલ્યાણ કરે પણ પોતાનું ન કરે.
કોઈ પોતાનું પણ કલ્યાણ કરે અને બીજાનું પણ કરે.
કોઈ પોતાનું પણ કલ્યાણ ન કરે અને બીજાનું પણ ન કરે.

**

કોઈ કામ કરે પણ માનની આશા ન રાખે.
કોઈ માનની આશા રાખે પણ કામ ન કરે.
કોઈ કામ પણ કરે અને માનની આશા પણ રાખે.
કોઈ કામ પણ ન કરે અને માનની આશા પણ ન રાખે.

■● સ્થાનાંગ સૂત્ર ●■

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૮ નો ઉકેલ**

૧. કુબેરદત્ત - કુબેરદત્તા / ૨. કલ્પસૂત્ર / ૩. કયવન્ના / ૪. કરુણાના / ૫. કલિકાલ સર્વજ્ઞ / ૬. કષાય / ૭. કલ્યાણ / ૮. કંચન / ૯.  / કસ્તૂરી / ૧૦. કલ્યાણમંદિર / ૧૧. કાયક્લેશ / ૧૨. કર્મની / ૧૩. કુત્રિકાપણ / ૧૪. કુલકર / ૧૫. કેવળજ્ઞાન / ૧૬. કરણસિત્તરી / ૧૭. કથા / ૧૮. કાળધર્મ / ૧૯. કેવળી / ૨૦. કલ્લાણકંદં / ૨૧. કાયગુપ્તિ / ૨૨. કાલિક / ૨૩. કાજો લેતાં / ૨૪. કાગળ / ૨૫. કારુણ્ય / ૨૬. કાલગ્રહણ / ૨૭. કરીયાતું / ૨૮. કરડપાંચમ / ૨૯. કૌશાંબી / ૩૦. ક્રિયા

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૮'નાં વિજેતા :
સીમાબેન સુરેશકુમાર દલાલ (ઘાટલોડીયા)
તેમને ઈનામ રવાના કરી દેવાયું છે.

પ્રિય બાળદોસ્તો,

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે દિવાળીનું વેકેશન પડવાની તૈયારીઓ થઈ ચૂકી હશે. તમે તમારી દિવાળી કેવી રીતે ઊજવી એ જો અમને જણાવશો તો અમે જય જિનેન્દ્રની પાઠશાળામાં જરૂર સ્થાન આપીશું.

તમને ખ્યાલ હશે કે દિવાળી પર્વનો આરંભ ભગવાન મહાવીરના નિર્વાણની યાદમાં થયો છે. આ દિવાળીએ ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૩૦ વરસ પૂરાં થશે અને ૨૫૩૧મું વર્ષ ચાલુ થશે.

ભગવાન મહાવીરના નિર્વાણની વળતી સવારે તેમના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું. આ દિવસ ભારતભરમાં નૂતન વર્ષ તરીકે ઉજવાય છે.

ભગવાન મહાવીરના રસપ્રદ જીવનમાંથી અહીં થોડા પ્રશ્નો તમારી સામે મૂકીએ છીએ. તમે એ પ્રશ્નોના જવાબો મોકલશો. જેના તમામ જવાબો સાચા હશે તેનો ફોટો અમે આપણી પાઠશાળામાં પ્રકાશિત કરીશું. માટે જવાબોની સાથે તમારો ફોટો મોકલવાનું ભૂલશો નહીં.

# શ્રમણ ભગવાન મહાવીરના જીવનમાંથી થોડા પ્રશ્નો

(માત્ર પંદર વરસથી નીચેનાં બાળકો માટે)

૧. ભગવાન મહાવીરનું ખરૂં નામ શું હતું?
૨. ભગવાન મહાવીરના મોટા ભાઈ કોણ હતા?
૩. ભગવાન મહાવીર છેલ્લેથી પહેલા ભવમાં કયા સ્થળે હતા?
૪. ભગવાન મહાવીરનાં માતાજી ત્રિશલાનાં બીજાં નામો કયાં હતાં?
૫. ચેડા રાજા ભગવાન મહાવીરના શું થાય?
૬. શ્રેણિકરાજા ભગવાન મહાવીરના શું થાય?
૭. ભગવાન મહાવીરના એ કયા શિષ્ય હતા જેમની તેમણે ખૂબ ખૂબ પ્રશંસા કરી હતી?
૮. પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું ખરૂં નામ શું હતું?
૯. પ્રથમ ગણધર ગૌતમસ્વામીના વચલા ભાઈનું શું નામ હતું?
૧૦. ત્રિશલા માતાની દીકરીનું શું નામ હતું?
૧૧. ગોશાળો પોતાની જાતને કેવી રીતે ઓળખાવતો હતો?
૧૨. ભગવાન મહાવીરની પાંચ મહિના અને પચ્ચીસ દિવસની ઉગ્ર તપશ્ચર્યાનું પારણું કોના હાથે થયું હતું?
૧૩. વરસ દરમ્યાન ક્યારે ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર અવશ્ય સાંભળવા મળે છે?
૧૪. ભગવાન મહાવીરના પરિવારમાં સૌથી છેલ્લે મોક્ષે કોણ ગયું હતું?
૧૫. ભગવાન મહાવીર મોક્ષે ગયા ત્યારે તેઓ શું કરતા હતા?

***

તમારા જવાબો અહીં મોકલશો :
જય જિનેન્દ્રની પાઠશાળા
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, વેજલપુર, અમદાવાદ.

# આવી રીતે નામ પડ્યું

# મૂછાળા મહાવીર

પ્રિય બાળદોસ્તો,

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે દિવાળી ખૂબ નજીક આવી ગઈ હશે.

દિવાળી પર્વ ભગવાન મહાવીરના નિર્વાણની યાદમાં પ્રવર્ત્યું છે. અહીં ભગવાન મહાવીરના એક અતિ ચમત્કારી તીર્થની વાર્તા તમારી માટે રજૂ કરી છે. આશા છે કે એ તમને જરૂર ગમશે.

*

બહુ જૂના જમાનાની વાત છે.

ઉદયપુરના મહારાણા મોટા રસાલા સાથે જાતરા કરવા નીકળ્યા હતા.

જુદાં જુદાં તીર્થોની જાતરા કરીને તેમણે રાણકપુર તીર્થનાં દર્શન કર્યાં. એ પછી તેઓ મૂછાળા મહાવીરનાં દર્શન કરવા આવ્યા. એ જમાનામાં આ તીર્થનું નામ કંઈ મૂછાળા મહાવીર નહોતું, પણ એક એવો ગજબ બનાવ બની ગયો કે એ તીર્થનું નામ જ મૂછાળા મહાવીર પડી ગયું.

આ તીર્થમાં ભગવાન મહાવીરસ્વામીની બહુ જ અલૌકિક અને સુંદર મૂર્તિ છે. મહારાણા તો દર્શન કરીને ખુશ ખુશ થઈ ગયા. એમને તો ત્યાં પૂજા કરવાનું મન થઈ આવ્યું. એમણે તો બહુ ભાવથી પૂજા કરી.

પૂજા માટે કેસર તો જોઈએ જ. અને આ તો પાછા મહારાણા. એટલે પૂજારીએ મસ્ત મજાનું લાલચટક કેસર ઘૂંટીને તૈયાર કરી આપ્યું. ચારે બાજુ કેસરની સુગંધ એવી આવે, એવી આવે કે મહારાણાને તો મજા પડી ગઈ અને પછી એ તો ભગવાનની ભક્તિમાં તરબોળ થઈ ગયા. પણ જ્યાં તેમણે કેસરની વાટકીમાં નજર કરી કે તરત એમનું મોઢું બગડી ગયું. એમાં એક વાળ હતો. ભગવાનના કેસરમાં વાળ આવે એ પૂજારીની ગંભીર બેદરકારી કહેવાય. પણ મહારાણા દેરાસરમાં હતા એટલે ગરમ તો ન થયા પણ પૂજારીને એમણે દાઢમાં કહ્યું : ‘આ મહાવીરસ્વામી ભગવાનના માથામાં વાળ બહુ, હઁ કે! જો ને એમાંથી એક તો આ કેસરની વાટકીમાંય આવી ગયો!’

પૂજારી પોતાની ભૂલ સમજી ગયો. એણે કહ્યું : ‘અન્નદાતા, એ વાળ તો મહાવીર ભગવાનની મૂછનો છે.’

મહારાણાએ મજાકમાં માથાના વાળવાળી

**મહારાણાએ પૂજારીને કટાક્ષમાં કહ્યું : ‘ભગવાનના માથામાં વાળ બહુ, હઁ કે!’ પૂજારીએ કહ્યું કે ‘એ તો ભગવાનની મૂછનો વાળ છે.’**

વાત કહી હતી અને પૂજારી તો ગંભીરતાથી મૂછના વાળની વાત કરતો હતો. હવે મહારાણાએ આંખ લાલ કરી : 'બતાડ જોઉં, ક્યાં છે ભગવાનની મૂછ?'

'અન્નદાતા, એ તો આજના પ્રક્ષાલમાં ધોવાઈ ગઈ. હવે તો રાતે ફરી ઊગશે અને કાલે પ્રક્ષાલમાં પાછી ધોવાઈ જશે.'

'સારૂં, હું કાલે પ્રક્ષાલ વખતે હાજર રહીશ.'

આમ તો મહારાણા આજે જ પૂજા કરીને જતા રહેવાના હતા. પણ વાતનું વતેસર થઈ ગયું. પૂજારીએ ભૂલ કબૂલ કરી હોત તો મહારાણા માફ કરી દેત. પણ પૂજારીએ તો કહી દીધું : 'એ વાળ તો ભગવાનની મૂછનો છે.'

મહારાણાએ તો અહીં ધામા નાખવાની વાત કરી. હવે? હવે જો બીજા દિવસે ભગવાનને મૂછ ન હોય તો પૂજારીનું આવી બને. પૂજારીને પણ થયું તો ખરૂં કે મેં સરળતાથી ભૂલ સ્વીકારી હોત તો સારૂં હતું. આ તો આફત થઈ.

ભૂલ તો બધાની થાય. પૂજારીની પણ થાય. પણ હવે સવાલ વટનો થઈ ગયો.

સાંજે આરતી પતી ગઈ. મંદિર ખાલી થઈ ગયું. પણ પૂજારી આજે ઘરે ન ગયો. એ તો બેઠો ભગવાનની સામે. બરોબર અડિંગો જમાવ્યો. ભગવાનને વિનંતી કરી :

'હે મહાવીરસ્વામી દાદા, મેં નાનપણથી જ તમારી પૂજા કરી છે. પ્રેમથી કરી છે. ભક્તિથી કરી છે. ભાવથી કરી છે. આજે હવે તમે મારી લાજ નહીં રાખો તો મારી આબરૂ જશે. ભક્તોની ભીડ ભાંગનારા હે ભગવાન, મેં મહારાણાની સામે જે કહી દીધું છે તે સાચું કરી બતાવજો. જો સવારે તમને મૂછ નહીં ઊગે તો આ મારી જિંદગીનો છેલ્લો દિવસ હશે.'

આખી રાત પૂજારીએ ભગવાનને ભજ્યા. વહેલી સવારે તેને ઝોકું આવી ગયું. એમાં એણે એક સપનું જોયું. ભગવાનને મૂછો ઊગી નીકળી હતી. પૂજારી એકદમ ઊભો થયો. એણે ધારી ધારીને જોયું. ખરેખર ભગવાનને મૂછો ઊગી નીકળી હતી.

પૂજાનો વખત થયો. મહારાણા તો રાહ જ જોઈ રહ્યા હતા કે ક્યારે સવાર પડે ને ક્યારે પૂજારીને સબક શિખવાડું. એ તો બનીઠનીને આવ્યા. પ્રક્ષાલની બૂમ પડી. બધા ભક્તો પ્રક્ષાલ કરવા આવ્યા. મહારાણા પણ આવ્યા.

પણ આ શું? ભગવાનની મૂછમાં આટલા બધા વાળ? મહારાણાને મનમાં થયું કે પૂજારીએ ભગવાનને નકલી વાળ ચોંટાડ્યા લાગે છે. એમણે ભગવાનની મૂછનો એક વાળ ખેંચ્યો. લોહીનો ફુવારો ઊડ્યો. જ્યાંથી વાળ ઉખડ્યો ત્યાંથી લોહીની ધાર બંધ જ ન થાય. આખરે મહારાણા ભગવાનના પગમાં પડ્યા. ભગવાન, મારી ભૂલ થઈ. મેં તમારો વાળ ખેંચ્યો. મને માફ કરો.

ભગવાનની ભક્તિ કરનારા શાસનદેવોએ ભગવાનની ભક્તિ કરનારા સાચા ભક્તનું સત રાખ્યું.

મહારાણાએ પૂજારીને શાબાશી આપી. બક્ષિસમાં મોટી મોટી જમીનો આપી. મહારાણાએ તેને કહ્યું : 'ભગવાનનો અસલી ભગત તો તું જ. અમે તો બધા ઠગભગત.'

તે દિવસથી માંડીને આજ દિન સુધી મૂછાળા મહાવીરનો ચમત્કાર ચારે દિશામાં ગાજે છે. રાણકપુરની યાત્રા કરનારા ભાવિકો મૂછાળા મહાવીરની યાત્રા કરવાનું ચૂકતા નથી.

**ભગવાનની ભક્તિ કરનારા શાસનદેવોએ ભગવાનની ભક્તિ કરનારા સાચા ભક્તનું સત રાખ્યું.**

## પાલિતાણા ખાતે પર્વાધિરાજની આરાધના

પાલિતાણા ખાતે આવેલા જય શત્રુંજય આરાધના ધામ ખાતે બિરાજમાન પૂજનીય આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં. શ્રી કીર્તિરત્નવિજયજી મહારાજે કૈલાસ સ્મૃતિ ભવન ખાતે પર્વાધિરાજ પર્યુષણની આરાધના ભાવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરાવી હતી. પૂજનીય આચાર્યશ્રીના શુભાશીર્વાદથી પૂ. મુનિવર શ્રી વિશ્વભૂષણવિજયજી મ. તથા પૂ. મુનિવર શ્રી મલયચંદ્રવિજયજી મ.એ પણ ધાનેરા જૈન આરાધના ભવનમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના ઉલ્લાસમય વાતાવરણમાં કરાવી હતી. આ ઉપરાંત જય શત્રુંજય આરાધના ધામ ખાતે પણ પર્વાધિરાજ સુંદર રીતે ઉજવાયાં હતાં. દરેક સ્થાનોએ ઉપજ પણ સુંદર થઈ હતી.

## ડોંબીવલી નગરે ભવ્ય શાસનપ્રભાવના

ડોંબીવલી નગરે પરમ શાસનપ્રભાવક સદ્ગત અંચલગચ્છાધિપતિ આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની સોળમી પુણ્યતિથિને અવસર બનાવીને તેઓશ્રીની પરંપરાના પૂજનીય મુનિવર શ્રી દેવરત્નસાગરજી મહારાજશ્રી આદિની મંગલમય નિશ્રામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નમસ્કારની વિચારયાત્રા, શ્રુતદેવીની સામૂહિક ઉપાસના, સીમંધર વંદના, વિમલનાથ આરાધના, ગુણાનુવાદ, વ્રતપ્રદાન, અંચલગચ્છના વિવિધ સંઘોમાં ઉપકરણોનું પ્રદાન અને અંચલગચ્છના સાધુ-સાધ્વીજીઓનાં માતા-પિતાઓનું સન્માન વગેરે કાર્યક્રમો અત્યંત ઉલ્લાસસભર વાતાવરણમાં યોજાયા હતા.

આ અવસરે સમગ્ર ડોંબીવલીના જિન-મંદિરોમાં એક જ સમયે એક સાથે અઢાર અભિષેકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## જગન્નાથપાર્ક સોસાયટી ખાતે ભવ્ય મહાલક્ષ્મી પૂજન યોજાયું

અમદાવાદના જીવરાજ વિસ્તારમાં આવેલ જગન્નાથપાર્ક સોસાયટી ખાતે પૂજનીય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં ભવ્ય મહાલક્ષ્મી પૂજન યોજાયું હતું.

શનિવાર તા. ૨૩ ઓક્ટોબરના શુભ દિવસે યોજાયેલા આ પૂજનનો સમગ્ર લાભ શ્રી પરસોત્તમદાસ એમ. વાઘેલા પરિવારે લીધો હતો. શ્રીમતી દુર્ગાબેન પરસોત્તમદાસ વાઘેલાના જન્મદિવસ નિમિત્તે યોજાયેલા આ પૂજનમાં અનેક ગણમાન્ય આગેવાનોએ પણ ખાસ હાજરી આપી હતી. શ્રી અને શ્રીમતી વાઘેલા ઉપરાંત તેમના સુપુત્રો શ્રી જગદીશભાઈ તથા શ્રી અલ્પેશભાઈ અને પુત્રવધૂઓ શ્રીમતી હીનાબેન તથા શ્રીમતી દીપ્તિબેન વગેરેએ ખૂબ ઉલ્લાસ પૂર્વક માતાજીની સેવા બજાવી હતી.

ઘણા લાંબા સમયથી સેવેલ પૂજનનું સ્વપ્ન સાકાર થતાં વાઘેલા પરિવારમાં અત્યંત આનંદનું વાતાવરણ સરજાયું હતું અને પૂજનમાં હાજરી આપવા માટે દૂર દૂરથી તેમના પરિવારજનો અને સ્નેહી-જનો ખાસ હાજર રહ્યા હતા.

## શાસન હિતચિંતક
## જય જિનેન્દ્રને
## ખૂબ ખૂબ શુભકામનાઓ
## એક સદ્ગૃહસ્થ
## વિજાપુર (ઉ. ગુ.)

## પૂજનીય ગુરુ ભગવંતો અને જ્ઞાનભંડારોના સંચાલકોને વિનંતી

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ સંપાદિત પદ્માવતી હવનની પુસ્તિકા પૂજનીય ગુરુ ભગવંતો તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાની છે. જેમને ખપ હોય તેમણે જય જિનેન્દ્ર કાર્યાલયને જણાવવા નમ્ર વિનંતી. હાજર હશે ત્યાં સુધી આપવામાં આવશે.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

મિત્રના અસત્યને અસત્ય તરીકે અને દુશ્મનના સત્યને સત્ય તરીકે સ્વીકારી શકે એ ખરો ભડવીર.

●

**સ્પંદન**

બૈઠે હૈં તેરે દર પે તો કુછ કર કે ઉઠેંગે;
યા વસ્લ હો જાયેંગે યા મરકે ઉઠેંગે.

●

**ના હોય!**

**અસ્તકીર્તિ :** 'તેં મને અડધો મૂરખ કહ્યો તેથી મને ખૂબ ખરાબ લાગ્યું છે.'

**શૈલુ :** 'સારૂં, તું અડધો જ મૂરખ નથી. બસ? હવે તો રાજી ને!'

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad